# બગસરા પૂ.આપાગીગાની જગ્યામાં બાળાઓને લ્હાણી વિતરણ



## છારોડી ગુરુકુળમાં દિવ્ય શરદમહોત્સવ

શરદપુર્ણિમાના પર્વે ભગવાન શ્રી કૃષ્ણે વ્રજસુંદરીઓને અમર બનાવી દીધી છે : શાસ્ત્રીશ્રી પૂ.માધવપ્રિયદાસજી સ્વામી



*શ્રીજલારામભકિતધામ જુનાગઢખાતે*

## ૨૧૫મી જલારામ જયંતિની ઉજવણીનું ભવ્ય આયોજન

સમગ્ર લોહાણા જ્ઞાતિ અને જલારામભકતોના સમુહભોજન સાથે વિશિષ્ઠ કાર્યક્રમો યોજાશે

## ડેડાણમાં શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો



*આઈ કેર ફોર કોન્ટ્રાકટરની થીમ સાથે ગુજરાત પીપાવાવ પોર્ટમાં ગ્લોબલ સેફટી દિનની ઉજવણી*

## ગુજરાત પીપાવાવ પોર્ટમાં ગ્લોબલ સેફટી દિનની ઉજવણી



## સલડીમાં લીલીયા સીટ કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધાઓ યોજાઈ



## લીલી પરિક્રમામાં પ્રદુષણ ફેલાવતા પ્લાસ્ટીક બેગ, અખાદ્ય ચીજોના વપરાશ પર લોકજાગૃતિ

## માંગરોળમાં મોમાઈ માતાના મઢે રબારી સમાજ દ્વારા ધામધૂમપૂર્વક ઉજવાયો પુંજ મહોત્સવ

## ગુજરાત પીપાવાવ પોર્ટ દ્વારા શિયાળબેટમાં સફાઈ ઝુંબેશ



શિયાળબેટનાં સરપંચશ્રી હમીરભાઈની આગેવાની હેઠળ ભૂતપૂર્વ સરપંચશ્રી ચિથરભાઈ તેમજ આગેવાનો શ્રી માનસીંગભાઈ અને યુવક મંડળનાં સભ્યો તથા પ્રા.શાળનાં આચાર્ય બાબુભાઈ પરમાર, શિયાળ બેટ હાઈસ્કૂલનાં પ્રિન્સીપાલ શ્રી ચૌહાણ, શિક્ષકો, વિદ્યાર્થીઓ ગામ સફાઈ ઝુંબેશમાં જોડાયા તે તસવીરમાં નજરે પડે છે.

## બાબરામાં સ્વચ્છ અભિયાન હેઠળ સફાઈ કરાવવા શહેરીજનોની માંગણી

માત્ર એક જ દિવસ સફાઈ અભિયાન બાદ ઠેર ઠેર ગંદકીના ઢગ : ગટરો ઉભરાઈ

ડો. મનાલી ભાડ
(બી.ડી.એસ.)
દાંતના રોગોના નિષ્ણાંત
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયારોડ, અમરેલી ફોન નં.

ગોકુલ ફર્નીચર

શ્યામ
શ્યામ ડાઇનીંગ હોલ

ઓપરેશન વિના
હરસ-મસા
ફીશરની સારવાર
ડૉ. ચેતન બનજારા



# અલ્ટ્રાટેક દ્વારા નવરાત્રી મહોત્સવની રંગેચંગે ઉજવણી



કોવાયા અલ્ટ્રાટેક-જીસીડબલ્યુ સ્પોર્ટ એન્ડ રિક્રીએશન કલબ દ્વારા નવરાત્રી મહોત્સવ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.તે પ્રસંગે કંપનીના યુનિટહેડ બી.ડી.જોષી, આશિષ પંટોલીયા,શ્રી રાવ, શ્રી ક્રિષ્નીયા, શ્રી રાજીવ ગુપ્તા, શ્રી શીકાંત યુનિયન લીડર બાબુભાઈ તથા કલબના તમામ મેમ્બરો સભ્યો અને કોલોની વાસીઓ તસવીરમાં નજરે પડે છે. તસવીર મનસુખ વાઘેલા, અહેવાલ કનુભાઈ વરૂ

પહેલા પાનાનું

## હુમલાના બનાવમાં

ગામના અજીતભાઈએ બોલાચાલી કરેલ જેનુ મન દુઃખ રાખી વિમલ, અજીત, વિજય અજીત, અજીત ભીખુએ લોખંડના સળીયા વડે પાઈપ વડે મારમાર્યાની ફરીયાદ નોંધાવેલ છે.

## બગસરા યાર્ડ

## વિશ્વાસઘાત

## કાંટાને વાડ

કૈલાસબેન મનસુખભાઈ દિલીપભાઈ શૈલેષભાઈએ લાકડી પાઈપ વડે માર મારી ધમકી આપ્યાની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાવતા એ.એસ.આઈ. એસ.કે.બરજોડ તપાસ ચલાવી રહયા છે.

## મહારાષ્ટ્ર ચુંટણી

## અકસ્માતમાં મોત

## ઈગ્લીંશ દારૂ

અનુસાર સાવરકુંડલાના વંડામાં રહેતા અને મોટર સાયકલમાં ઈગ્લીંશ દારૂ સાથે પસાર થતા જમીન ભરતભાઈ વઘાસીયા, તુષાર ઉર્ફે ભુરો જેન્તી પાચાણી અને કિરણ લાલજી ગજેરાને દારૂ અને મોટર સાયકલ મળી કુલ રૂા.૩૦૩૦૦ના મુદ્દામાલ સાથે એ.એસ.આઈ.જી.આર. મહેતાએ ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

## આચંકારૂપ

## જમનામા

## વિજ્ઞાન પ્રવાહ

## સાત શખ્સોએ

ઈજા પહોંચાડયાની ફરીયાદ નોંધાઈ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર જાફરાબાદના રોહીસામાં રહેતા અજીતસિંહ ભીખુભાઈ વાળાને ગામના સરપંચ વિજાણંદ છનાભાઈએ કહેલ કે, તુ મારા વિરૂઘ્ધ ભ્રષ્ટાચારની અરજી કેમ કરે છે. તેમ કહી વિજાણદ છના, ભીખા છના, છગન છના, અજય વિજાણદ, વનરાજ વિજાણદ ભુપત વેલાએ મંડળી રચી પાઈપ, લાકડી કુહાડી વડે હુમલો કરી માથાના ભાગે ઈજા પહોંચાડયાની ફરીયાદ જાફરાબાદ મરીન પોલીસ મથકમાં નોંધાવતા પો.સબ. ઈન્સ. બી.જી.ચેતરીયા તપાસ ચલાવી રહ્યા છે.

## ઠઠા મશ્કરી

અરજણભાઈ સોરઠીયાની સાથે ગામના ઘનશ્યામ હરજીભાઈ કીકાણી મશ્કરી કરતા ના પાડતા ઉશ્કેરાઈ જઈ ઘનશ્યામે લોખંડના સુડા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવેલ છે.જયારે સામાપક્ષેથી ઘનશ્યામભાઈ હરજીભાઈ કીકાણી પોતાની દુકાન આગળ ખુરશીમાં બેઠા હોય જેની પ્રકાશભાઈએ મશ્કરી કરતા પ્રકાશ અરજણ,રમેશ હરી, શૈલેષ ચતુરભાઈએ લાકડી વડે માર માર્યાની ફરીયાદ વડીયા પોલીસ મથકમાં નોંધાવેલ છે. બનાવની તપાસ હે.કોન્સ. પી.એલ.જાની ચલાવી રહયા છે.

છેલ્લા પાનાનું

## શ્રઘ્ધાસુમન

અમરેલી ભાજપમાં શોકનું વાતાવરણ પ્રસર્યુ છે. સ્વ.પ્રિતીબેન રાવળ અમરેલી નગરમાં રહી પોતાની કારકીર્દી શરૂ કરેલ હતી અને તેમના શાંત સ્વભાવના કારણે સૌવ કાર્યકર્તા સાથે હળી મળીને રહેતા હતા. જીલ્લા ભાજપ દ્વારા થયેલ મેઘ મનામણા પદયાત્રા દરમિયાન અમરેલી થી ચલાલા સુધી રસ્તામાં કયાંય થંભ્યા વગર પોતાની હાથમાં સ્વામીનારાયણ ભગવાનની માળા રાખી એકધારા ચાલ્યા હતા. પોતે શ્રઘ્ધાળુ હોવાથી અન્ય મહિલા કાર્યકર્તાઓને પણ પોતાનામાં સામેલ કરેલ હતી. ગત અનેક ચુંટણીઓમાં પોતે ઘરે ઘરે જઈ ભાજપના ઉમેદવાર માટે તન મન થી કામ કરતા હતા તેથી જ તેઓની ખોટ જીલ્લા ભાજપમાં કયારેય પુરાય તેમ નથી. સ્વ.પ્રિતીબેનના અવસાનથી જીલ્લા ભાજપના દરેક કાર્યકર્તા દુખી થયા છે. આજરોજ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સ્વ.પ્રિતીબેનને શ્રઘ્ધાંજલી આપવા માટે કાર્યકર્તાઓ એકઠા થયા હતા. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ સુખડીયા, ઉપપ્રમુખ જીતુભાઈ ડેર, તુષારભાઈ જોષી, ભગીરથ ત્રિવેદી, રેખાબેન માવદીયા, કિલુભાઈ શુકલ, રાજેશભાઈ માંગરોળીયા, શૈલેષ પરમાર, ઝંખનાબેન ગૌસ્વામી, મેહુલભાઈ ધોરાજીયા હાજર રહયા હતા. તેમ મિડીયા સેલના શૈલેષ પરમારની યાદીમાં જણાવાયુ છે.

## ઘાયલ સિંહ

અંશુમન શર્માના માર્ગદર્શન હેઠળ આર.એફ.ઓ. બી.ટી.આયર, રેસ્કયુટીમના પ્રતાપભાઈ ખુમાણ, ધીરૂભાઈ ખુમાણે ઝાડી ઝાંખરામાં જાખના જોખમે ઘાયલ સિંહને પકડી પાડી જસાધાર એનીમલ કેર સેન્ટરમાં સારવાર માટે મોકલી આપતા વેટરનરી ડો.ભટ્ટી, સોલંકી સારવારમાં જોડાયા હતા.

## નાનુ બાળક

કબજે લઈ બાળકને નાસ્તો કરાવી શહેરની ગલી ગલીઓમાં વાલીઓની શોધ કરતા આખરે આ બાળકના શોધતી તેની માતા રડતી રડતી હાલતમાં મળી આવતા પોલીસે ખરાઈ કરી આ બાળકને તેની માતાના હવાલે કરતા માતા -પુત્રનું સુખદ મીલન થયુ હતુ. પોલીસની આ કામગીરીને રાજુલાના શહેરીજનો અને પરપ્રાંતી પરિવારે બિરદાવી હતી.

## કાઉન્ટર ખુલ્લુ

તા.૧૧/૧૦/૧૪ થી ૨૫/૧૦/૧૪ સુધી દિવાળી ગ્રીટીન્ગસના ઝડપી નિકાલ માટે વધારાની સેવાઓ ઉમેરો કરવામાં આવે છે. જેમાં અમરેલી પોસ્ટ ઓફીસ ખાતે સ્પેશીયલ કાઉન્ટર ખોલવામાં આવશે જથ્થા બંધ મેલ ડિસ્પેચ માટે વહેલા પોસ્ટ કરવા અનુરોધ કરવામાં આવે છે તેમજ સ્પેશિયલ દિવાળી પોસ્ટ માટે અમરેલી હેડ પોસ્ટ ઓફીસમાં તા. ૧૮/૧૦/૧૪ થી ૨૨/૧૦/૧૪ સુધી ખાસ પંડાલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં અલગ અલગ જિલ્લા પ્રમાણે થેલાઓ મુકવામાં આવશે. જેમાં મોકલવામાં થતી ટપાલો ગ્રાહક પોતે પોસ્ટ કરી શકશે. ઘસારાને પહોંચી વળવા વહેલી તકે પોતાની ટપાલ પોસ્ટ કરવા અમરેલી પોસ્ટના વડા અધિક્ષક શ્રી આર.એન.મહેશ્વરી એ ગ્રાહકોને અનુરોધ કરેલ છે.

# તા.૧૨મી ઓકટોબરે ગુજરાત રાજય જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-અમરેલી ખાતે કંટ્રોલરૂપ કાર્યરત રહેશે

અમરેલી, ગુજરાત રાજય જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ તથા વર્ગ-૨ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તા.૧૨ ઓકટોબર-૨૦૧૪ને રવિવારના રોજ યોજાનાર છે. જે પરીક્ષાર્થીઓને તુન્ની વિદ્યા મંદિર, જેસીંગપરા-અમરેલીમાં બેઠક વ્યવસ્થા આવેલ હતી તેમને હવે શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, સેન્ટર-સી-ચકકરગઢ રોડ-અમરેલી ખાતે પરીક્ષા બેઠક વ્યવસ્થા રહેશે, તેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જિલ્લા શિક્ષણાધિકારી શ્રીએ જણાવેલ છે.આ પરીક્ષા સંબંધી કંટ્રોલરૂમ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી - બહુમાળી ભવન - અમરેલી તે કાર્યરત રહેશે. આપ પરીક્ષા સંબંધી બાબત માટે તા.૧૨મી ઓકટોબરે પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં એટલે કે સવારે ૮ થી સાંજે ૮ કલાક સુધી ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬ પર સંપર્ક કરી શકાશે, તેમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-અમરેલીની એક યાદીમાં જણાવાયું છે.

# બગસરા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા.૧૦ સુધીમાં અરજી કરવી

બગસરા, તા.૨૯ ઓકટોબર-૨૦૧૪ ના રોજ બગસરા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાનાર છે. મામલતદાર કચેરી-બગસરા ખાતે યોજનાર આ કાર્યક્રમ માટે તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદારે, તા. ૧૦ ઓકટોબર - ૨૦૧૪ સુધીમાં મામલતદાર કચેરી - બગસરાને રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલી આપવાની રહેશે. અરજીમાં મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી અવશ્ય લખવાનું રહેશે, તેમ મામલતદાર - બગસરાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લામાં કાલથી ધો.૧૧/૧૨ના સેમેસ્ટર ૧ અને ૩ની પરિક્ષાઓ લેવાશે

## શિક્ષણ તંત્ર દ્વારા પરિક્ષાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરયો

અમરેલી,ગુજરાત માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તારીખ ૧૧-૧૦-૨૦૧૪થી લેવાનાર સેમેસ્ટર૧ તથા સેમેસ્ટર૩ની જાહેર પરીક્ષામાં ૭૦-સાવરકુંડલા કેન્દ્રમાં એસએમજેકે શૈક્ષણિક સંકુલ મહુવા રોડ માં બ્લોકનંબર ૨૮ તરીકે નવું બિલ્ડીંગ ફાળવવામાં આવેલ હતુ પરંતુ ગુજરાત માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા મળેલ સુચના અનુસાર આ બિલ્ડીંગમાં ફાળવેલ સેમેસ્ટર૧ના વિદ્યાર્થીઓએ એકે ઘેલાણી હાઈસ્કુલ (સ્વામીનારાયણ ગુરૂકુળ) સાવરકુંડલા ખાતે પરીક્ષા આપવાની રહેશે. જેની લાગતા વળગતા વિદ્યાર્થીઓએ નોંધી લેવી.૦૦૬-અમરેલી કેન્દ્ર ખાતે કેકે પારેખ અને મહેતા આરપી વિદ્યાલય ચિતર રોડ અમરેલી ખાતે સેમેસ્ટર૧ તથા સેમેસ્ટર૩ના બ્લોક નંબર ૮૨ થી ૯૧ની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તેમજ કેકે પારેખ અને મહેતા આરપી વિદ્યાલય લીલાવંતીબેન બિલ્ડીંગ સિવીલ હોસ્પિટલ સામે અમરેલી ખાતે બ્લોક નંબર ૯૨-૧૦૧ની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જેની લાગતા વગળતા વિદ્યાર્થીઓએ નોંધ લેવી તેમ જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યુ છે.

## વાહ કયા સીન હૈ

### કાવ્યગીરી



બાબાપુરના ભાવેશગીરી અને મમ્મી હેતલબેન, દાદા જયંતીગીરી, દાદી શારદાબેન, કાકા જીજ્ઞેશ કાકી વૈશાલીબેન દીદી ધ્રૃવિનો વ્હાલો કાવ્ય આજે જન્મદિન ઉજવશે.

# કેટ ફોર્મ ભરવાથી વંચિતો માટે આજે છેલ્લી તકે

## બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટે ૧૬ અને ૨૨મી નવેમ્બરના દિવસે કેટ યોજાશે

અમદાવાદ,

દેશમાં આવેલી વિવિધ આઈઆઈએમ સહીત ટોચની બિઝનેસ સ્કુલોમાં પ્રવેશ માટે આગામી ૧૬ અને ૨૨ નવેમ્બરના રોજ લેવામાં આવનાર કોમન એડમીશન ટેસ્ટ (કેટ) ૨૦૧૪માં રજીસ્ટ્રેશન કરવાથી વંચિત વિદ્યાર્થીઓ માટે છેલ્લી તક આવતીકાલે આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ કાલે રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે જયારે આ પરીક્ષાનું પરીણામ ડિસેમ્બર મહીનાના ત્રીજા સપ્તાહમાં જાહેર કરવામાં આવશે.

